# ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 022-22610835 / ફેક્સ : 91 22 22660358
વેબસાઇટ : www.rbi.org.in
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

14 માર્ચ 2019

## રિઝર્વ બેંક દ્વારા 2018 ની ઘરેલુ (સ્થાનિક) પ્રણાલીગત રૂપથી મહત્વપૂર્ણ બેન્કો (ડી-એસઆઈબી) ની યાદી બહાર પાડી

અગાઉના વર્ષ ની સમાન બકેટિંગ સંરચના (માળખા) હેઠળ એસબીઆઇ, આઈસીઆઈસીઆઇ બેંક અને એચડીએફસી બેંકને ઘરેલુ (સ્થાનિક) પ્રણાલીગત રૂપથી મહત્વપૂર્ણ બેન્ક (ડી-એસઆઈબીબી) તરીખે ઓળખી કાઢવા માં આવી છે. ડી-એસઆઈબી માટે વધારાની સામાન્ય મૂડી ટિયર 1 (સીઈટી 1) ની જરૂરિયાત 1 એપ્રિલ 2016 થી પહેલેથી જ તબક્કાવાર નક્કી થઈ ગઈ છે. અને 1 એપ્રિલ 2019 થી સંપૂર્ણ અમલમાં આવશે. વધારાની સીઈટી 1 ની જરૂરિયાત, મૂડી સંરક્ષણ બફર ઉપરાંત રહેશે.

ડી-એસઆઈબીની અપડેટેડ સૂચિ આ પ્રમાણે છે –

| બકેટ | બેન્ક | નાણાકીય વર્ષ 2018-19 માટે વધારાની સામાન્ય મૂડીનીજરૂરિયાત સીઈટી-1 જોખમ ભારીત સંપત્તિ (આરડબલ્યુએસ) ના પ્રતિ શતક આધારિત વધારાની સામાન્ય મૂડીની જરૂરિયાત | 1 એપ્રિલ 2019 થી અપેક્ષિત વધારાની સામાની મૂડી સીટી-1 (તબક્કાવાર વ્યવસ્થા અનુસાર) |
|---|---|---|---|
| 5 | - | 0.75% | 1% |
| 4 | - | 0.60% | 0.80% |
| 3 | ભારતીય સ્ટેટ બેન્ક | 0.45% | 0.60% |
| 2 | - | 0.30% | 0.40% |
| 1 | આઈસીઆઈસીઆઈ બેન્ક, એચડીએફસી બેન્ક | 0.15% | 0.20% |

**પૂર્વભૂમિકા:**

ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા 22 જુલાઈ 2014 ના રોજ ઘરેલુ પ્રણાલીગત રૂપથી મહત્વપૂર્ણ બેન્કો(ડી-એસઆઈબી) સાથે નીપટવા માટે ની રૂપરેખા જારી કરી હતી. ડી-એસઆઈબીબી માળખાં માટે ભારતીય રિઝર્વ બેન્કે 2015 થી (ડી-એસઆઈબીએસ) તરીખે નામાંકિત બૅન્કોના નામો પ્રકાશિત કરવાનું જરૂરી છે અને આ બૅન્કોને તેમના તેમના પ્રણાલીગત મહત્વના ગુણ (એસઆઈએસ) ને આધારે યોગ્ય બકેટમાં સમાવેશ કરવાનો છે. જે બકેટમાં ડી-

એસઆઈબીએસ બેન્કનો  સમાવેશ કરાવમમાં આવ્યો છે તેના આધાર તેના પર  વધારાની સામાન્ય ઈક્વિટી લાગુ કરવામાં આવશે. જો ભારતમાં એક વિદેશી બેંકની શાખા એક વૈશ્વિક સિસ્ટમગત રૂપમાં મહત્વપૂર્ણ બેંક (જી-એસઆઈબી) ની જેમ સ્થિત હોય, તો તે ભારતમાં તેની જોખમી ભારિત સંપત્તિના પ્રમાણમાં જી-એસઆઈબી લાગુ પડે છે, વધારાની સીઈટી 1 કેપિટલ સરચાર્જ જાળવવું પડશે, એટલે કે ભારત માં ગૃહ નિયમનકાર દ્વારા નક્કી કરાયેલ વધારાના સીઈટી 1 બફર ગુણા સંચયિત વૈશ્વિક સમૂહ બુક્સ અનુસાર ભારત RWA (રાશિ) વિભાજન આખું સંકલિત વૈશ્વિક જૂથ આરડબલ્યુએ જાળવવા નું છે.

વધારાની  મૂડીની જરૂરિયાત 1 એપ્રિલ 2016 થી તબક્કાવાર રીતે લાગુ થાય છે અને 1 એપ્રિલ 2019 થી સંપૂર્ણ લાગુ થશે. જુદી જુદી બકેટ (સામૂહ) માં અપેક્ષિત વધારાની મૂડી ની જરૂરિયાત ચાર વર્ષમાં તબક્કાવાર નીચે  પ્રમાણે છે.

| બકેટ | 1 એપ્રિલ, 2016 | 1 એપ્રિલ, 2017 | 1 એપ્રિલ, 2018 | 1 એપ્રિલ, 2019 |
|---|---|---|---|---|
| 5 | 0.25% | 0.50% | 0.75% | 1.00% |
| 4 | 0.20% | 0.40% | 0.60% | 0.80% |
| 3 | 0.15% | 0.30% | 0.45% | 0.60% |
| 2 | 0.10% | 0.20% | 0.30% | 0.40% |
| 1 | 0.05% | 0.10% | 0.15% | 0.20% |

ડી-એસઆઈબી માળખા ને આધારે અને 31 માર્ચ 2015 અને 31 માર્ચ 2016 ના રોજ અને બૅન્કો પાસેથી એકત્રિત કરાયેલ આંકડા ને આધારે, ભારતીય રિઝર્વ બેંક દ્વારા ભારતીય સ્ટેટ બેંક અને આઈસીઆઈસીઆઈ બેંક લિ. ને અનુક્રમે 31 ઓગસ્ટ 2015 અને 25 ઓગસ્ટ, 2016 ના રોજ ડી-એસઆઈબી જાહેર કરવામાં આવી છે. 31 માર્ચ, 2017 ના બેન્કો પાસે થી એકત્રિત કરાયેલ આંકડાને આધારે, ભારતીય રિઝર્વ બેન્કે 04 સપ્ટેમ્બર, 2017 ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, આઈસીઆઈસીઆઈ બેન્ક અને એચડીએફસી બેન્ક ને ડી-સિબસ (D-SIBs)જાહેર કરી છે. હાલનુ અપડેટ 31 માર્ચ, 2018 ના એકત્રિત કરાયેલ આંકડા ને આધારે કરાયેલ છે.

આ ઉપરાંત ડી-એસઆઈબી માળખાથી અપેક્ષા રાખવામાં આવે છે કે "બૅન્કોની પ્રણાલીગત મહત્વનું મૂલ્યાંકન અને ડી-એસઆઈબી ઓળખાણ માટે મૂલ્યાંકન પદ્ધતિની નિયમિત સમીક્ષા કરવી. જો કે, આ સમીક્ષા ત્રણ વર્ષમાં ઓછામાં ઓછી એક વાર થશે. " વર્તમાન સમીક્ષા અને ક્રોસ કંટ્રી પ્રથાઓનું વિશ્લેષણ હાલમાં વર્તમાન માળખાંમાં કોઈપણ ફેરફારનું સમર્થન નથી."

**જોસ જે. કટ્ટુર**
મુખ્ય મહા પ્રબંધક

**પ્રેસ પ્રકાશન: 2018-2019/2191**